ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના અધિકારી/કર્મચારીઓને બઢતી/ઉચ્ચતર પગાર ધોરાણ આપવા માટે ખાતાકીય બઢતી સમિતિના સભ્યોમાં ફેરફાર કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:- SJED/GSC/e-file/17/2024/1254/J
સચિવાલય, ગાંધીનગર.
તા: /૧૧/૨૦૨૪

વંચાણમાં લીધા:-

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૬/૧૦/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: અવક/૧૧૨૦૨૦/૩૭૬૩૬૬/જ.

૨. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૦/૦૭/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: ફા.ક્રા.-SJED/GSC/E-FILE/17/2022/0001/J

૩. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરનો તા.૧૫/૦૫/૨૦૨૪નો પત્ર ક્રમાંક: અવિકો/મકમ/૨૦૨૪/૨૭૨.

૪. નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ ગાંધીનગરનો તા.૩૧/૦૫/૨૦૨૪નો પત્ર ક્રમાંક: અજાક/મ-૧/૨૦૨૪/૨૦૦૪-૦૫.

<u>આમુખ</u>

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૬/૧૦/૨૦૨૦ના ઠરાવથી ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરના અધિકારી/કર્મચારીઓને બઢતી આપવા પસંદગી સમિતિની રચના કરવામાં આવેલ હતી. બઢતી સમિતિના સભ્યોમાંથી વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના તા.૨૦/૦૭/૨૦૨૩ના ઠરાવથી ત્રણ વર્ષથી વધુ સમયથી ખાલી રહેલ મેનેજર (વહીવટ) વર્ગ-૨ની જગ્યા રદ થવા પામેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૩) અને (૪) પરના અનુક્રમે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરના તા.૧૫/૦૫/૨૦૨૪ના પત્ર તેમજ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૩૧/૦૫/૨૦૨૪ના પત્રથી રદ થયેલ મેનેજર(વહીવટ)ની જગ્યાની સામે મદદનીશ મેનેજર(વર્ગ-૩)ને સભ્ય સચિવશ્રી તરીકે સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

<u>ઠરાવ:-</u>

પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકના અનુસૂચિત જાતિ વિકાસ નિગમના અધિકારી/કર્મચારીઓને બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ આપવા માટે હાલની ખાતાકીય બઢતી સમિતિમાં ફેરફાર કરી નીચે મુજબની ખાતાકીય બઢતી સમિતિની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે:-

| ક્રમ | કમિટીના સભ્યશ્રીઓના નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર | સમિતિના અધ્યક્ષ |
| ૨ | અધિક/સંયુક્ત/નાયબ સચિવશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગર. | સભ્ય |
| ૩ | મદદનીશ મેનેજર, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર | સભ્ય સચિવશ્રી |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૨૫/૧૧/૨૦૨૪ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પ્રશાંત એચ. ખખ્ખર)

Signature valid
Signed by:Prashant H. Khakhkhar
Section Officer
Date: 2024.11.28 18:09:01 +05:30

સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

1. માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર.
2. અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
3. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. સેક્શન અધિકારીશ્રી કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
6. પસંદગી ફાઇલ-૨૦૨૪.

1

Signature valid
Signed by:Prashant H. Khakhkhar
Section Officer
Date: 2024.11.28 18:09:01 +05:30